# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા

જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦

Website :http://www.bknmu.edu.inEmail : info@bknmu.edu.in


પરિપત્ર:

વિષય: "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના બાબત."

સંદર્ભ: (૧).જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જુનાગઢના પત્ર નં: ક-૬/૨૦૨૧/૩૦૯૦૯૨ તા. ૧૧/૧૧/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/ સંસ્થાના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓને જણાવવાનુ કે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ઉકત વિષય ધ્યાને લઇ સામેલ સંદર્ભપત્રની જોગવાઇ મુજબ તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે તેમજ બહોળી સંખ્યામાં પ્રચાર-પ્રસાર થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવશ્રી

(નોંધ: તમામ કોલેજોએ ઉપરોકત પરીપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.)

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૫૭૫ /૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૧૭/૧૧/૨૦૨૧

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ..

નકલ સાદર રવાના:

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ..

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી


**૨/૧ બહુમાળી ભવન, સરદાર બાગ, જૂનાગઢ.**

ફોન નં. (૦૨૮૫) ૨૬૩૦૧૫૧. email id:- junagadhdeo@gmail.com


સત્યમેવ જયતે

ક્રમાંક:ક-૬/૨૦૨૧/ 3060 - C-2 તા.૧૧/૧૧/૨૦૨૧

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,
કૃષિ યુનિવર્સીટી,
મોતીબાગ, જૂનાગઢ.

(૨) રજીસ્ટ્રારશ્રી,
ભક્ત કવિશ્રી નરસિંહ મહેતા યુનિવર્સીટી,
બિલખા રોડ,જૂનાગઢ.

વિષય:- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ,તા.૦૭/૧૦/૨૦૧૫.

(૨) કલેકટર કચેરી,જૂનાગઢના પત્રાંક: એડીએમ/૨/સી/નોડલ/૨૦૨૧, તા.૧૦/૧૧/૨૦૨૧

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૦૧ અન્વયે જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ.

ઉક્ત બાબત ધ્યાને લઇ આ સહ સામેલ ઠરાવની જોગવાઈ મુજબ તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે તથા તેમનો બહોળો પ્રચાર-પ્રસાર તેમજ જરૂરી કાર્યવાહી કરવા તેમજ સંદર્ભ દર્શિત પત્ર-૨ મુજબ આ કામગીરી માટે અમારી નોડલ અધિકારી તરીકે માન.જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર સાહેબશ્રી દ્વારા નિમણુંક થયેલી હોય, આ અંગેની માહિતી આ સહ સામેલ નમૂના મુજબના પત્રકમાં દર શનિવારે બપોરે ૧૫:૦૦ કલાક સુધીમાં આ કચેરીના e-mail એડ્રેસ પર મોકલી આપવા વિનંતી. તેમજ સદર યોજના વિશેષ પ્રચાર-પ્રસાર થાય તે માટે આપના તાબાની તમામ વિભાગની કોલેજો તથા એચ.ઓ.ડી.ને પત્ર અવગત કરી આભારી કરશો.

જિલ્લા શિક્ષણાધિકારી
જૂનાગઢ જિલ્લો
જૂનાગઢ.

બિડાણ:-

(૧) સંદર્ભ દર્શિત પત્ર-૧નો ઠરાવ

(૨) અરજી માટેની અગત્યની સૂચનાઓ

(૩) રીપોર્ટીંગ માટે નમૂનાનું પત્રક

નકલ સવિનય રવાના:-

માન. કલેકટરશ્રી, જૂનાગઢ.

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ડીપાર્ટમેન્ટનો કામકાજના દિવસે અને કચેરી સમય દરમિયાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ અને વાલીઓને નમ્ર વિનંતી છે.

## LIST OF DEPARTMENT

| Sr.No | Department Name | Address |
|---|---|---|
| 1 | Technical Degree | ACPC, Room 119 Admission Building, L D Engineering College Campus, Navrangpura, Ahmedabad |
| 2 | Diploma | ACPDC, Room 125 Admission Building, L D Engineering College Campus, Navrangpura, Ahmedabad |
| 3 | Higher Education | 2$^{nd}$ Floor, Block No-12, Dr. Jivraj Mehta, Gandhinagar |
| 4 | B J Medical College | Civil Hospital Compound, Asarva, Ahmedabad-380016 |
| 5 | Government Akhandanand Ayurved College | Bhadra Road, Ahmedabad-380016 |
| 6 | Veterinary | Directorate of Animal Husbandry, 2nd Floor, B-Wing, Krushi Bhavan, A Ganghinagar,Sector 10, Gandhinagar, Gujarat |
| 7 | Agriculture | Krishi Bhavan, Sector-10/A, Podium Level, Gandhinagar-382010 |
| 8 | Nursing(B.sc) | Civil Hospital Compound, Asarva, Ahmedabad-380016 |
| 9 | Nursing(ANM & GNM) | Block No:-5/1, Dr. Jivraj Mehta, Sector-10, Gandhinagar |
| 10 | Technical Education Department | Karmyogi Bhavan, Block No-2,6$^{th}$ Floor, Sector-10-A, Gandhinagar |

ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૯/૧૦૦૯

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.30/0૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને બિન સરકારી કોલેજો તમામ.

વિષય:- "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" વર્ષ-૨૦૧૯ યોજના અન્વયે ઓનલાઈન વેરીફીકેશન કરવા બાબત.

સંદર્ભ:- (૧) "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજનાની વેબસાઈટ https://scholarships.gov.in

(૨) માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની વેબસાઈટ https://mysy.guj.nic.in

(૩) ડીજીટલ ગુજરાત યોજનાની વેબસાઈટ www.digitalgujarat.gov.in

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ(૧),(૨),(૩) અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્યના સરકારી અને બિન સરકારી કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી ઉપલબ્ધ શિષ્યવૃત્તિ યોજના જેવી કે "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજના, માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અને ડિજીટલ ગુજરાતની શિષ્યવૃત્તિઓમાં ઓનલાઈન અરજી કરવામાં આવે છે. આ તમામ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે અલગ અલગ ઠરાવ અને ગાઈડલાઈન છે જે વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઉક્ત સંદર્ભ (૧),(૨) અને (૩) માં જણાવ્યા મુજબની સ્કોલરશીપના ઠરાવ/ગાઈડલાઈન અનુસાર વિદ્યાર્થીઓ એક જ યોજનામાં લાભ લઈ શકે છે.

આથી આપની કક્ષાએ આ શિષ્યવૃત્તિ હેઠળ વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિની અરજી અને ડોક્યુમેન્ટ આધારો વેરીફીકેશન કરવામાં આવે ત્યારે ઉક્ત સંદર્ભ (૧),(૨) અને (૩) ના ઠરાવ અને ગાઈડ લાઈનમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થી ઉક્ત પૈકી એક જ સ્કોલરશીપનો લાભ લે છે, તે ધ્યાને લઈ વિદ્યાર્થીને વેરીફીકેશન કરી આપવા વિનંતી છે. આ યોજનાઓમાં ઓનલાઈન પોર્ટલ પર વિદ્યાર્થીઓની અરજીઓ સાથેના આધારોનુ વેરીફીકેશન કોલેજ કક્ષાએ કરવાનું થાય છે. આથી વિદ્યાર્થી કોઈપણ એક જ સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવે તે સુનિશ્ચિત સ્કોલરશીપ વેરીફાય કરનાર સંસ્થા/કોલેજની રહે છે. જેને ધ્યાને લઈ વિદ્યાર્થીઓની અરજીઓનું વેરીફીકેશન કરી આપવા વિનંતી છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અરજી કરતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

1. ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવી તેમજ ડીપ્લોમા અભ્યાસક્રમમાં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં સ્નાતક /ડીપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આ યોજના અન્વયે આર્થિક સહાય આપવામાં આવે છે.
2. આ યોજનાના શિક્ષણ વિભાગના સંબંધિત તમામ (https://mysy.guj.nic.in) ઠરાવમાં જણાવ્યા મુજબની પર્સન્ટાઈલ અને વાલીની આવકની પાત્રતા ધરાવતા અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં સ્નાતક/ડીપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ **https://mysy.guj.nic.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.
3. વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ https://mysy.guj.nic.in પર રજીસ્ટ્રેશન કરી ભરવાનું રહેશે.
4. રજીસ્ટ્રેશન કરતા પહેલા વિદ્યાર્થીએ નોટીસ બોર્ડ પર આપેલી બધી વિગતો જેતે લાઇન પર ક્લીક કરી વાંચી લેવી તથા ત્યારબાદ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું.
5. ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે **https://mysy.guj.nic.in** વેબસાઇટ પર લોગ-ઇન થવાનું રહેશે.
6. રિન્યુઅલ અરજી માટે રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર Password આવેલ હશે જેના વડે વિદ્યાર્થીએ લોગ ઇન થવાનું રહેશે. (વિદ્યાર્થીએ મોબાઈલ નંબર પોતાનો જ આપવો, અને સમગ્ર અભ્યાસક્રમનાં સમયગાળા દરમ્યાન બદલવો નહી, ભવિષ્યમાં એજ નંબર પર SMS દ્વારા માહિતી મોકલવામાં આવશે).
7. લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ દસ્તાવેજ સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. **અપલોડ કરવાના તમામ દસ્તાવેજો .jpg /.jpeg /.pdf ફોર્મેટમાં હોવા જોઈએ.તેમજ દસ્તાવેજ ૧.pdf ફોરમેટ હોય તો મહત્તમ 1 mbps અને ૨.jpg/ .jpeg ફોરમેટ હોય તો 512 kbps સાઈઝમાં હોવા જોઈએ.**
8. વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા ત્યાર પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં **રીન્યુઅલ સહાય મેળવવા** માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦% માર્ક્સ સાથે ઉત્તીર્ણ** થવાનું રહેશે અને જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં **ઓછામાં ઓછી ૭૫% હાજરી** હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર જરૂરી છે. (ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે)
9. વિદ્યાર્થીએ પોતાનો પ્રવેશ આખરી થાય ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. યોજનાના વેબપોર્ટલ **https://mysy.guj.nic.in પર યોજનાના તમામ ઠરાવો ઉપલબ્ધ છે.**
10. વિદ્યાર્થીએ વાલીની આવક અંગેનું **નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નું** આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવાનું રહેશે. વિદ્યાર્થીએ આપવાના સેલ્ફ ડિક્લેરેશનમાં પણ વાલી (માતા-પિતા) ની આવકની વિગતો આપવાની રહેશે.

11. વિદ્યાર્થીએ વાલીની આવકનું નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું ઇન્કમટેક્ષ રીટર્ન અથવા ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાપાત્ર ન હોય ફક્ત તેઓએ જ "આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન" આપવાનું રહેશે.
12. જે વાલીઓની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની આવક **રૂ.૨.૫૦ લાખથી વધારે હશે તેમને ફરજીયાત ઇન્કમટેક્ષ રીટર્ન જોડવાનું રહેશે.**
13. વિદ્યાર્થી જે સંસ્થામા પ્રવેશ મેળવે તે સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે.
14. સેલ્ફ ડિક્લેરેશન, સંસ્થાના આચાર્યશ્રી પાસેથી મેળવવાનુ પ્રમાણપત્ર તથા આવકના પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
15. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ **બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધાર નંબર જોડવાના રહેશે (Aadhaar seeding)**. વિદ્યાર્થીઓએ પોતાના આધારનંબરની વિગત ઓનલાઈન અરજીમાં આપવાની રહેશે.
16. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે નીચે જણાવેલ સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.

## List of Documents for Fresh Application 2021-22

1. આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ,
3. ડીગ્રી /ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની સ્વ-પ્રમાણિત નકલ,
4. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
5. સેલ્ફ ડિક્લેરેશન(અસલમાં),
6. વાલીની આવકનું પ્રમાણપત્ર(મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની સ્વ-પ્રમાણિત નકલ,
7. સંસ્થાના આચાર્યશ્રીનુ, સંસ્થાના લેટરહેડ પર,પ્રમાણપત્ર(અસલમાં),
8. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
9. બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ
10. ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (અસલમાં).

## List of Documents for Renewal Application 2021-22

1. વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
2. સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)

3. વિદ્યાર્થીના પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણિત)
4. વિદ્યાર્થીએ અભ્યાસક્રમના બીજા/ત્રીજા/ચોથા (જે લાગુ પડતું હોય તે વર્ષ)માં ફી ભર્યાની તમામ પહોંચની નકલ(સ્વપ્રમાણિત)
5. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત),
6. વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ(સ્વપ્રમાણિત)
7. ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાનેપાત્ર આવક ન થતી હોવા અંગેનુ સેલ્ફ ડિક્લેરેશન (અસલમાં)

- **આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી મંજુર કરવા જરૂર જણાય તો કચેરી વિદ્યાર્થીના પરિણામ તથા કૌટુંબિક આવકને લગતા વધારાના દસ્તાવેજો માંગી શકે છે.**

**17.** આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૨૭૮ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને ચકાસણી બાદ અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે. **હેલ્પ સેન્ટર ખાતે અરજી ચકાસણી કરાવેલ હોય અને તેની Acknowledgement Receipt મેળવેલ હશે એજ વિદ્યાર્થીઓની અરજી માન્ય ગણવામાં આવશે.**

18. વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યાના **૧૫ દિવસમાં સંબંધિત** અભ્યાસક્રમના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ **દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરાવવાની રહેશે**.
19. હેલ્પ સેન્ટરોના કો-ઓર્ડીનેટરોની વિગતો વેબસાઈટ પર રાખેલ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.
20. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી (registration) સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની માર્કશીટ Scan કરીને .pdf ફાઈલ **mysy-technical@gujgov.edu.in**પર મોકલી આપવાની રહેશે.
21. આજ રીતે ડીપ્લોમા ટુ ડીગ્રી ના વિદ્યાર્થીઓએ પણ રજીસ્ટ્રેશન સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ડીપ્લોમાની છેલ્લા વર્ષની માર્કશીટ/ડીપ્લોમાં સર્ટીફીકેટ Scan કરીને .pdf ફાઈલ **mysy-technical@gujgov.edu.in**પર મોકલી આપવાની રહેશે.
22. આ યોજના હેઠળ ઓનલાઈન અરજી કર્યા બાદ વિદ્યાર્થી યોજનાની વેબસાઈટ પર પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડથી લોગઈન થઈ પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે.
23. તમામ વિદ્યાર્થીઓએ આ સહાય અંગેની કોઇ પણ પ્રકારની માહિતી, મુંઝવણ માટે ફક્ત ઉપર જણાવેલ ઈ-મેઈલ પર જ સંપર્ક કરવાનો રહેશે.

- યોજનાની વધુ માહિતી હેલ્પ લાઈન નં: ૦૭૯-૨૬૫૬૬૦૦૦, ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.

11/10/21 to 17/10/21

| Activity Name (1) | Cordinating Department (2) | Department Targets Physical (3) | Department Targets Financial (4) | District Targets Physical (5) | District Targets Financial (6) | Achievement till the last Week Physical (7) | Achievement till the last Week Financial (8) | Achievement Physical during the current Week (9) | Achievement Financial during the current Week (10) | Cummultive Achievement Physical (11) | Cummultive Achievement Financial (12) | % of Milestone Cover Physical (13) | % of Milestone Cover Financial (14) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ હજાર તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૭૫ કરોડની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના થકી સહાય આપવામાં આવશે.(85) | શિક્ષણ વિભાગ | 22000 | 0 | 0 | 0 | 0 | 0 | | | 0 | 0 | 0 | 0 |

18/10/21 to 24/10/21

| Activity Name (1) | Cordinating Department (2) | Department Targets Physical (3) | Department Targets Financial (4) | District Targets Physical (5) | District Targets Financial (6) | Achievement till the last Week Physical (7) | Achievement till the last Week Financial (8) | Achievement Physical during the current Week (9) | Achievement Financial during the current Week (10) | Cummultive Achievement Physical (11) | Cummultive Achievement Financial (12) | % of Milestone Cover Physical (13) | % of Milestone Cover Financial (14) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ હજાર તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૭૫ કરોડની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના થકી સહાય આપવામાં આવશે.(85) | શિક્ષણ વિભાગ | 22000 | 0 | 0 | 0 | 0 | 0 | | | 0 | 0 | 0 | 0 |

25/10/21 to 31/10/21

| Activity Name (1) | Cordinating Department (2) | Department Targets Physical (3) | Department Targets Financial (4) | District Targets Physical (5) | District Targets Financial (6) | Achievement till the last Week Physical (7) | Achievement till the last Week Financial (8) | Achievement Physical during the current Week (9) | Achievement Financial during the current Week (10) | Cummultive Achievement Physical (11) | Cummultive Achievement Financial (12) | % of Milestone Cover Physical (13) | % of Milestone Cover Financial (14) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ હજાર તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૭૫ કરોડની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના થકી સહાય આપવામાં આવશે.(85) | શિક્ષણ વિભાગ | 22000 | 0 | 0 | 0 | 0 | 0 | | | 0 | 0 | 0 | 0 |

# Mukhyamantri Yuva Swavalamban Yojana

Education Department, Gujarat State.

FAQ'S | User manual | Student status | Contact us | Login/Register for 2021-22

## Notice Board




- List of document formats.(2021-2022) New!
- Important instrucations for Aadhaar linking
- List of Education Department Resolutions for Mukhyamantri Yuva Swavalamban Yojana
- List of Help Centres
- Instructions to student for Returning Sahay
- For all other queries kindly meet at the Helpcenter and concern Department.Click here for list of Departments.
- Guidelines for Technical Students.
- Important Instructions for Universities & Colleges regarding MYSY and other scholarship.
- MYSY GR for Corona Warriors dated: 15/09/2020.
- Formats of Various Income Tax Return Form (For Reference)
- Instructions to Students 2021-22.

- Important instructions for pending document students

New! Interest Subsidy Scheme on Education Loan યોજનાનો પણ લાભ મેળવવા માટે અહી ક્લિક કરો..

New! CMSS યોજનાનો પણ લાભ મેળવવા માટે અહી ક્લિક કરો..

New! નોંધ- તા.૦૧/૧૧/૨૦૨૧ થી તા.૦૭/૧૧/૨૦૨૧ સુધી દિવાળીના પર્વે તમામ હેલ્પ-સેન્ટર બંધ રાખવામાં આવશે. તા.૦૮/૧૧/૨૦૨૧ થી હેલ્પ સેન્ટરો ચાલુ રહેશે

New! નોંધ- હાલમાં વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત ફક્ત ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ જ ફ્રેશ અરજીની પ્રકિયા કરી શકશે. (CBSE બોર્ડ,ICSE બોર્ડ અને Diploma to Degreeના વિદ્યાર્થીઓની ફ્રેશ અરજીની પ્રક્રિયા ટુંક સમયમાં શરુ કરવામાં આવશે.)

New! શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ માં પ્રવેશ મેળવેલ MBBSના વિદ્યાર્થીઓને 2nd Renewal ની અરજી 2nd MBBS ની પાસ માર્કશીટ આવ્યા બાદ જ કરવાની રહેશે.

New! નોંધ: ગુજરાત રાજ્યની કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય અને તેમાં રીશફ્લીંગ કરવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓનો પ્રવેશ કન્ફર્મ થાય અને તેઓ રીશફ્લીંગમાં જવા ન માંગતા હોય ત્યારે જ ઓનલાઈન અરજી કરવી. એડમીશનના રાઉન્ડ ચાલતા રહેશે ત્યાં સુધી તારીખ લંબાવવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

**MYSY helpline numbers: 079-26566000,7043333181 (10:30 AM to 6:00 PM)**

Contact Us

Designed, Developed & Hosted by : National Informatics Centre, Gujarat State Centre - All Rights Reserved Privacy Policy

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

તા.૭/૧૦/૨૦૧૫

આમુખ :

સન ૨૦૦૧ થી ૨૦૧૫ સુધીના દોઢ દશકમાં ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે. રાજ્ય અને રાજ્ય બહારના મૂડીરોકાણથી અનેક નવા ઉદ્યોગો સ્થપાઇ રહ્યા છે. તેના અનુસંધાનમાં રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષમાં વ્યવસાયિક અભ્યાસક્રમોના ક્ષેત્રે બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી રાજ્યના વિકાસમાં તેઓનો ફાળો નોંધાવી રહ્યા છે. તે પરિપેક્ષ્યમાં જે વિદ્યાર્થીઓના વાલીની મર્યાદિત આવક હોય અને આવી મર્યાદિત આવકને કારણે વાલીઓ તેમના તેજસ્વી સંતાનોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના ખાસ કરીને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં મોકલવા બાબતે મૂંઝવણ અનુભવતા હોય છે. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, સાધન-પુસ્તકોની ખરીદી ઉપરાંત જ્યારે પોતાના ઘરથી બહાર દૂરના સ્થળે અભ્યાસ અર્થે જતા હોય છે ત્યારે રહેવા-જમવા માટે પણ ઘણો ખર્ચ થતો હોય છે. આથી અભ્યાસમાં તેજસ્વી આવા વિદ્યાર્થીઓ તેઓના વાલીની મર્યાદિત આવકને કારણે ફી ચૂકવવા તેમજ નિભાવ ખર્ચમાં આર્થિક સહાય વગર ઉચ્ચ અભ્યાસ આગળ ધપાવવામાં ખુબ જ મુશ્કેલી અનુભવતા હોય છે.

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે રાજય સરકારને વિવિધ રજુઆતો મળેલ હતી. રાજ્ય સરકારને મળેલી રજુઆતોને ધ્યાને લઈ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને આવક (Merit cum Means)ના માપદંડોને ધ્યાને લઇ યોગ્યતા પ્રાપ્ત

વિદ્યાર્થીઓને સમાન ધોરણે આર્થિક સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ ઉપરાંત શિક્ષણ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૩ના ઠરાવથી રાજ્યની સરકારી તથા બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાની યોજના અમલમાં છે, તે જોતાં, વિશાળ શૈક્ષણિક હિત ધ્યાને લઇ, અભ્યાસ માટે જરૂરી સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી આવકની મર્યાદા ધ્યાને લીધા સિવાય સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળામાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાની બાબત તથા સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને મફત ગણવેશ, પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિનો લાભ તેઓના વાલી/માતા-પિતાની આવકમર્યાદાને ધ્યાને લીધા સિવાય આપવાની બાબત પણ સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'** અમલમાં મુકવામાં આવે છે અને તે અંતર્ગત નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવઃ-</u>

૧. આ યોજનાનું નામ **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'** રહેશે.

૨. આ યોજના અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે નીચે મુજબના લાભો મળવાપાત્ર થશે.

૨.૧ <u>પ્રાથમિક શિક્ષણ</u>:

સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત ગણવેશ/ગણવેશ સહાય, મફત પાઠ્યપુસ્તકો અને

શિષ્યવૃત્તિના આપવામાં આવતા લાભની માફક જ બિન અનામત વર્ગના તમામ વિદ્યાર્થીઓને પણ મફત ગણવેશ, પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભ આપવામાં આવશે. હવેથી આ લાભ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા-પિતાની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય એકસમાન ધોરણે મળવાપાત્ર થશે.

૨.૨ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ:

સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા-પિતાની વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય મફત પાઠ્યપુસ્તકો મળવાપાત્ર થશે.

૨.3 ઉચ્ચ શિક્ષણ:

૨.3.૧ આ યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય મેળવવાની પાત્રતા માટે નીચે મુજબના ધોરણો રહેશે.

(૧) ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(3) રૂ. ૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય

મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે.

(૪) ડીપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળવાપાત્ર થશે.

(૫) સ્વ-નિર્ભર અભ્યાસક્રમોમાં એન.આર.આઇ. બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહી.

૨.૩.૨ ઉચ્ચ શિક્ષણ માટે સહાયની રકમ : આ યોજના હેઠળ નીચે મુજબ સહાય મળવાપાત્ર રહેશે.

(અ) <u>ટ્યુશન ફી સહાય</u>

(૧) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

(૨) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ જેવા કે ઇજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કીટેકચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમીયોપેથી, નર્સીંગ, ફીઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

(૩) પાત્રતા ધરાવતા વિધ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના કોર્સીસ જેવા કે બી.એસ.સી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૧૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

(૪) પાત્રતા ધરાવતા વિધ્યાર્થીઓને ધોરણ-૧૦ પછીના સરકાર માન્ય સંસ્થાના ડીપ્લોમા સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

(૫) સરકારી મેડીકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વ-નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ સ્વ-નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ સહાય પેટે મળવાપાત્ર થશે.

**(બ) <u>રહેવા-જમવા પેટે સહાય</u>**

આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા અને સ્નાતક અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રહેવા-જમવાની

સહાય પેટે રૂ.૧,૨૦૦ મળવાપાત્ર રહેશે. આવા વિદ્યાર્થીઓએ પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાથી બહાર તેઓ અભ્યાસ કરતા હોવાનું તથા સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યા બાબતનું એકરારનામું આપવાનું રહેશે.

(ક) <u>સાધન-પુસ્તક સહાય</u>

આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ.૧૦,૦૦૦, ઇજનેરી/ ટેકનોલોજી/ ફાર્મસી/ આર્કીટેક્ચરના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ.૫,૦૦૦ તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ. 3,000 મળવાપાત્ર રહેશે. અભ્યાસક્રમની અવધિ દરમ્યાન સાધન-પુસ્તક સહાય માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે.

૩. ઉચ્ચ શિક્ષણ સહાય માટેની રાજ્ય સરકાર અથવા ભારત સરકારની વિવિધ યોજનાઓ અથવા અન્ય કોઇ યોજનાઓ પૈકી કોઇ એક યોજના હેઠળ લાભ મેળવવા માટે વિદ્યાર્થીએ પસંદગી કરવાની રહેશે. કોઇ પણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને પસંદગી આપી શકશે નહી એટલે કે વિદ્યાર્થી કોઇ એક જ યોજના હેઠળ લાભ મેળવી શકશે.

૪. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા કરવાની રહેશે.

૫. સહાય મેળવનાર વિદ્યાર્થી સામે સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર શિસ્ત વિષયક કાર્યવાહી થઇ હશે તો આવો વિદ્યાર્થી સહાય મેળવવા માટે અથવા ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. જે કોઇ વિદ્યાર્થી ખોટી વિગતો, ખોટુ આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઇ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપિંડીથી સહાય મેળવેલ હશે તેવું પ્રસ્થાપિત થતાં વિદ્યાર્થી પાસેથી સહાયની તમામ રકમ ૧૮%ના

દંડનીય વ્યાજ સહિત પરત કરાવવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી માટે પગલાં લેવામાં આવશે.

૬. વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ સાથે ઉત્તિર્ણ થવાનું રહેશે.

૭. સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

૮. **યોજનાનું અમલીકરણ:**

(૧) આ યોજના અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે આપવાની થતી સહાયની વહીવટી વ્યવસ્થા તથા નાંણાકીય જોગવાઈ સંબંધિત કાર્યવાહી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા કરવાની રહેશે.

(૨) આ યોજના અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે આપવાની થતી સહાયની વહીવટી વ્યવસ્થા તથા નાંણાકીય જોગવાઈ સંબંધિત કાર્યવાહી કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા કરવાની રહેશે.

(૩) આ યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સહાયની કાર્યવાહી નોડલ એજન્સી તરીકે નોલેજ કન્સોર્ટીયમ ઑફ ગુજરાત (કેસીજી) મારફત કરવાની રહેશે. આ માટે કેસીજીની કચેરી ખાતે એક અલાયદુ એકમ ઉભું કરવાનું રહેશે.

(૪) ઉચ્ચ શિક્ષણ માટે આપવાની થતી સહાયની કાર્યવાહી માટે કેસીજી ખાતે કાર્યરત થનાર એકમ દ્વારા નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.) ના પરામર્શમાં વેબ પોર્ટલ બનાવડાવી પાત્રતા ધરાવતા વિધ્યાર્થીઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવાની રહેશે.

(૫) આ યોજના હેઠળ રાજ્યભરમાં આવેલી યુનિવર્સિટીઓ / સંસ્થાઓ ખાતે નિયુક્ત કરેલ હેલ્પ સેન્ટરો મારફતે કેસીજી ખાતે અરજીઓ મંગાવવાની રહેશે. યુનિવર્સિટીઓ-સંસ્થાઓ-હેલ્પ સેન્ટરો સાથેના તથા વિદ્યાર્થીઓની સહાય સંબંધિત રજુઆતોને લગતા તમામ પત્રવ્યવહાર કેસીજી ખાતેના સેલમાં કરવાના રહેશે.

(૬) કેસીજી ખાતેના એકમને મળેલ ઓનલાઈન અરજીઓની ચકાસણી અને મંજુરી માટે નીચે જણાવેલ કમિશનરશ્રી/નિયામકશ્રીની કચેરીઓને મોકલવાની રહેશે.

(૬.૧) ટેકનિકલ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી;

(૬.૨) ઉચ્ચ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી;

(૬.૩) મેડીકલ, ડેન્ટલ અને પેરામેડીકલને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી;

(૬.૪) એગ્રીકલ્ચરને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, ખેતીની કચેરી;

(૬.૫) વેટરનરીને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, પશુ-પાલનની કચેરી;

(૬.૬) આ સિવાયના અન્ય અભ્યાસક્રમો માટે સંબંધિત નિયામકશ્રી / કમિશનરશ્રીની કચેરીઓ દ્વારા અરજીઓની ચકાસણી અને મંજુરીની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સંબંધિત કચેરીઓ દ્વારા નિયત કરાયેલ જોગવાઇ મુજબના ધોરણો સંતોષતા વિદ્યાર્થીઓને સહાયની ચુકવણી માટે કેસીજીને વિદ્યાર્થીઓની પ્રમાણિત યાદી મોકલી આપવાની રહેશે. કેસીજી દ્વારા કેન્દ્રીયકૃત ધોરણે ઉચ્ચ શિક્ષણ સહાયની રકમનું ચૂકવણું કરવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ સહાય માટે વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું કેસીજી દ્વારા જી.એસ.એફ.એસ. માં રોકાણ કરવાનું રહેશે.

(૯) વહીવટી કામગીરી માટે 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'ની દરેક વર્ષની બજેટ જોગવાઇના ૧% (એક ટકા)ની રકમ કેસીજીની કચેરીને વ્યાજમાંથી થયેલ ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. જેનો ખર્ચ યોજનાને લગતી આનુષંગિક કામગીરી માટે કરવાનો રહેશે. યોજના અન્વયે થયેલ તમામ ખર્ચ બાદ કરતાં વધેલી વ્યાજ ની રકમ 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન નિધિ' તરીકે ગણવાની રહેશે.

(૧૦) આ યોજનાનો અમલ ૨૦૧૫-૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૭/૧૦/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કીર્તિદા બ્રહ્મભટ્ટ
અધિક સચિવ
(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.